# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

વંચાણે લીધાઃ- કુલસચિવશ્રી, ન.કૃ.યુ., નવસારીની કચેરીના શેરા ક્રમાંકઃ નકૃયુ/રજી/ એડીએમ.1.1/ 5146-95/2018 તા.11.06.2018, તથા ગુજરાત સરકાર, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાઃગકવ/102002/એસસીએ-15/ક.2, તા.29-05-2018

## પરિપત્ર

વિષયઃ- પશુચિકિત્સાની ડીગ્રી (વેટરનરી સાયન્સની ડીગ્રી) ધરાવતા શિક્ષકો, વૈજ્ઞાનિકો, ડૉક્ટરો અને અન્ય અધિકારીઓને નોન પ્રેક્ટીસ એલાઉન્સ(**NPPA**) મંજુર કરવા બાબત...

આ યુનિવર્સિટીની તમામ કચેરીઓનાં વડાશ્રીઓને જણાવવાનું કે, ઉપરોક્ત વંચાણે લીધેલ સરકારશ્રીનાં ઠરાવથી આ યુનિવર્સિટીમાં પશુચિકિત્સાની ડીગ્રી (વેટરનરી સાયન્સની ડીગ્રી) ધરાવતા શિક્ષકો, વૈજ્ઞાનિકો, ડૉક્ટરો અને અન્ય અધિકારીઓને નોન પ્રેક્ટીસ એલાઉન્સ(**NPPA**) ચૂકવવા જણાવેલ છે. તો આ બાબતની અમલવારી માટે નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**(1)** નોન પ્રેક્ટીસ એલાઉન્સ(**NPPA**) મંજુર કરવા માટે જે તે કચેરી વડાશ્રીઓએ ઠરાવમાં દર્શાવેલ લાયકાત અને શરતો પરીપૂર્ણ કરતાં હોય તેવા શિક્ષકો, વૈજ્ઞાનિક, ડૉક્ટરો અને અન્ય અધિકારીશ્રીઓનું (**NPPA**) બેઝીક પગારનાં 25 ટકા પ્રમાણે (બેઝીક પે + **NPPA**) મળીને કુલ પગાર રૂ. 85,000/-થી વધે નહીં તે રીતે જરૂરી પ્રમાણપત્રો, બાંહેધરી પત્રકો સ્વ-હસ્તાક્ષરોમાં મેળવી તા.15-09-2017 ની અસરથી જે તે કચેરીવડાશ્રીઓએ હુકમો કરવાનાં રહેશે.

**(2)** બેઝીક પેનો અર્થ પે બેન્ડ + લાગુ પડતાં ગ્રેડ પે કરવાનો રહેશે. પરંતુ તેમાં બીજા કોઈ ઈજાફા જેવા કે, સ્પેશ્યલ પે વગેરે ગણતરીમાં લેવાનાં રહેશે નહીં.

**(3)** ઉપર મુજબ થયેલ હુકમની નોંધ જે તે અધિકારી/કર્મચારીની સેવાપોથીમાં કરવાની રહેશે. **NPPA** ને મોંઘવારી ભથ્થુ, મુસાફરી ભથ્થુ અને અન્ય ભથ્થા તેમજ પેન્શનની ગણતરી માટે પગાર તરીકે ગણવાનું હોય, આ હુકમ મુજબ મંજુર કરેલ **NPPA** ની રકમ **ERP** માં રકમ આકારીને પગાર બીલ રજુ કરવાનું રહેશે.

**(4)** ઉક્ત ઠરાવનાં ક્રમ નં.1 થી 10 મુજબની જરૂરી ચકાસણી/અમલવારી કરાવવાની જવાબદારી જે તે કચેરી વડાશ્રીઓની રહેશે.

હિસાબ નિયામક

---

જા.નં.ન.કૃ.યુ./હિનિ/વહટ/4146/2018 તા.19/06/2018

<u>નકલ જયભારત સાથ રવાનાઃ-</u>

(1) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(2) નિયામકશ્રી, આઈ.ટી., ન.કૃ.યુ., નવસારી તરફ જાણ તેમજ **ERP** પ્રોગ્રામમાં **NPPA** આકારવાની જરૂરી વ્યવસ્થા કરવા વિનંતી.
(3) નવસારી કૃષિ યુનિ.નાં તમામ કચેરી વડાશ્રીઓ તરફ અમલ થવા સારૂ...